BUSINESS મિત્ર Plus

# ટોટલ માર્કેટ ફંડમાં રોકાણ કરતા પહેલા ખર્ચ અને વર્તમાન પોર્ટફોલિયોનો ઓવરલેપ ચકાસો

બીએસઈ ટોટલ માર્કેટ ઈન્ડેક્સ સ્ટોક્સને તેમના ફ્રી-ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશનના આધારે વેઈટેજ આપે છે. આ ઈન્ડેક્સ 1,000 થી વધુ સ્ટોક્સ ધરાવે છે અને લાર્જકેપ, મિડકેપ, સ્મોલકેપ તેમજ માઈક્રોકેપ કંપનીઓને સાંકળીને માર્કેટ કેપિટલાઈઝેશનની દ્રષ્ટિએ BSE ઓલકેપ ઈન્ડેક્સના 98 ટકા ભાગને લક્ષ્ય બનાવે છે. માર્કેટના નિષ્ણાત કહે છે કે આ ઈન્ડેક્સ ભારતના કુલ માર્કેટ કેપિટલાઈઝેશનના લગભગ 93 ટકા ભાગને આવરી લે છે. 31 ઓગસ્ટ, 2026 ના રોજ ઈન્ડેક્સમાં લાર્જકેપ કંપનીઓનો હિસ્સો લગભગ 56 ટકા, મિડકેપનો 20 ટકા, સ્મોલકેપનો 10 ટકા અને સ્મોલકેપથી આગળની (માઈક્રોકેપ) કંપનીઓનો હિસ્સો લગભગ 7 ટકા હતો. ટોટલ માર્કેટ ફંડ જુદા જુદા માર્કેટ કેપ સેગમેન્ટમાં અલગ-અલગ નાણાં ફાળવવાની ઝંઝટ ઘટાડે છે. તેઓ ઘટે છે અને રોકાણકારો આગામી વિજેતા કંપની કે સેક્ટર શોધવાની જંજાળમાંથી મુક્ત થાય છે. સેબી રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર એવા એક નિષ્ણાતે કહ્યું હતું કે ટોટલ માર્કેટ ફંડ રોકાણકારોને સરળતા અને ઓટોમેટિક રીબેલેન્સિંગની સુવિધા આપે છે. તેઓ કહે છે કે જ્યારે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ખૂબ જ સારો દેખાવ જોવા મળે, ત્યારે આવો ઈન્ડેક્સ રોકાણકારોમાં તક ગુમાવવાની બીકને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે.

1,000 થી વધુ સ્ટોક્સ ધરાવતો પોર્ટફોલિયો પ્રથમ નજરે ખૂબ જ વૈવિધ્યસભર લાગી શકે છે, પરંતુ ફ્રી-ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશન પર વજન આધારિત હોવાને કારણે મોટી કંપનીઓનું જ પ્રભુત્વ રહે છે. ઈન્ડેક્સના દેખાવનો મોટો આધાર સૌથી મોટી કંપનીઓ પર રહેલો છે. ઓછા વેઈટેજને કારણે ઘણી નાની



**ટોટલ માર્કેટ ફંડ્સ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા નાની રકમનું રોકાણ કરતા રિટેલ રોકાણકારો માટે અનુકૂળ બની શકે છે. તે કદાચ મલ્ટિપલ ફંડ્સમાં રોકાણ કરવા સક્ષમ ન પણ હોય. ટોટલ માર્કેટ ફંડ તેમને તમામ માર્કેટ કેપ સેગમેન્ટમાં એક્સપોઝર મેળવવાનો એક સરળ માર્ગ આપે છે**

કહે છે કે રોકાણની ફિલસૂફી એ છે કે બજારના માત્ર કોઈ એક ભાગને પસંદ કરવાને બદલે સમગ્ર બજારની માલિકી ધરાવવી. બીએસઈ ટોટલ માર્કેટ ઈન્ડેક્સ કુલ 22 ક્ષેત્રોને આવરી લે છે. તેમણે ઉમેર્યું હતું કે વિશાળ અને અનુકૂલનશીલ રોકાણ વિશ્વ રોકાણકારોને ભારતીય મૂડીબજારના વિકાસની સાથે વિશાળ તકોમાં ભાગ લેવાની ક્ષમતા આપે છે. વિધ પ્રકારના સ્ટોક્સમાં એક્સપોઝર હોવાથી ચોક્કસ સ્ટોક-સંબંધિત જોખમ કંપનીઓનો ઈન્ડેક્સની કામગીરી પર ખાસ પ્રભાવ પડતો નથી. સ્મોલકેપ અને માઈક્રોકેપ કંપનીઓ ઈન્ડેક્સની અસ્થિરતા વધારી શકે છે. સ્મોલકેપ અને માઈક્રોકેપ સામાન્ય રીતે રોકાણકારોના સેન્ટિમેન્ટ અને લિક્વિડિટીની સ્થિતિમાં થતા ફેરફારો પ્રત્યે વધુ સંવેદનશીલ હોય છે, જેથી બજારમાં મંદીના સમયે તેમાં વધુ તીવ્ર ઘટાડો આવી શકે છે. ઈન્ડેક્સના લિક્વિડિટી ફિલ્ટર્સ હોવા છતાં, ઘણી નાની કંપનીઓમાં લિક્વિડિટી ઓછી હોય છે અને ખરીદ-વેચાણ વચ્ચેનો તફાવત પહોળો હોય છે. આવી જામીનગીરીઓને મોટા જથ્થામાં ખરીદવા કે વેચવાથી ઊંચો ઈમ્પેક્ટ કોસ્ટ આવી શકે છે.

એક નિષ્ણાતે કહ્યું હતું કે ભારતનું ઓછું ઊંડું બજાર અને મર્યાદિત લિક્વિડિટી ઈન્ડેક્સ રીપ્લિકેશનને મુશ્કેલ બનાવી શકે છે અને તેનાથી ઊંચો ટ્રેકિંગ એરર આવી શકે છે. બજારમાં જ્યારે ભારે તણાવની સ્થિતિ હોય ત્યારે લિક્વિડિટી ઘટી જાય છે, જેનાથી ખરીદી અને વેચાણ બંને મુશ્કેલ બને છે. આ ફંડમાં કોણે રોકાણ કરવું જોઈએ? ટોટલ માર્કેટ ફંડ્સ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા નાની રકમનું રોકાણ કરતા રિટેલ રોકાણકારો માટે અનુકૂળ બની શકે છે. તે કદાચ મલ્ટિપલ ફંડ્સમાં રોકાણ કરવા સક્ષમ ન પણ હોય. ટોટલ માર્કેટ ફંડ તેમને તમામ માર્કેટ કેપ સેગમેન્ટમાં એક્સપોઝર મેળવવાનો એક સરળ માર્ગ આપે છે. વિવિધ માર્કેટ સેગમેન્ટમાં કેટલી રકમ ફાળવવી તે નક્કી કરવામાં અસમર્થ હોય તેવા રોકાણકારો માટે પણ આ ફંડ અનુકૂળ રહે છે. લાર્જ, મિડ અને સ્મોલકેપમાં જાતે ફાળવણી નક્કી કર્યા વિના બજારનું વૈવિધ્યકરણ ઈચ્છતા રોકાણકારો માટે આ ફંડ્સ યોગ્ય છે. આ ફંડ્સ લાંબા ગાળાના રોકાણકારો અને ઈક્વિટી બજારમાં નવા રોકાણકારો માટે પણ આદર્શ છે. રોકાણકારોમાં ઈક્વિટી બજારની અસ્થિરતા સહન કરવાની ક્ષમતા હોવી જોઈએ અને લાંબા ગાળાનો દ્રષ્ટિકોણ હોવો જોઈએ.

જોકે, જે રોકાણકારો પોતાની ફાળવણી પર વધુ નિયંત્રણ ઈચ્છે છે તેમના માટે આ ફંડ્સ ઓછા અનુકૂળ હોઈ શકે છે. જે રોકાણકારો માર્કેટ કેપ એલોકેશન અંગે સ્પષ્ટ દ્રષ્ટિકોણ ધરાવે છે, મિડકેપ કે સ્મોલકેપમાં વધુ એક્સપોઝર ઈચ્છે છે અથવા વેલ્યુએશન અને માર્કેટ સાયકલના આધારે સેગમેન્ટ્સ બદલતા રહે છે, તેમને આ ફંડ્સ કદાચ પસંદ નહીં પડે. હાઈ નેટવર્થ ઈન્ડિવિજ્યુઅલ્સ જેઓ એલોકેશન અંગે સલાહ આપતા વેલ્થ મેનેજર્સ સુધી પહોંચ ધરાવે છે, તેઓ પણ આ ફંડ્સ ટાળી શકે છે.

ટોટલ માર્કેટ ફંડ્સ રોકાણની સરળતા પૂરી પાડે છે, જ્યારે અલગ-અલગ લાર્જકેપ, મિડકેપ અને સ્મોલકેપ ફંડ્સ રોકાણકારોને ફાળવણી પર વધુ નિયંત્રણ આપે છે. અલગ-અલગ ફંડ્સ રોકાણકારોને તેમની માર્કેટ કેપ ફાળવણીને પોતાની જરૂરિયાત મુજબ કસ્ટમાઈઝ કરવાની તક આપે છે, પરંતુ તેમાં વધુ દેખરેખ અને રીબેલેન્સિંગની જરૂર પડે છે. મલ્ટિપલ ફંડ્સ રોકાણકારોને માર્કેટ સાયકલ અનુસાર પોતાનો ઝુકાવ બદલવાની સગવડ આપે છે. બજારના રિકવરીના તબક્કામાં મિડકેપ અને સ્મોલકેપ સારો દેખાવ કરી શકે છે. જ્યારે બજારની ટોચ નજીક હોય, ત્યારે રોકાણકારો નુકસાનનું જોખમ ઘટાડવા માટે લાર્જકેપ તરફ વધુ ઝુકાવ રાખી શકે છે. પહેલેથી જ પોર્ટફોલિયો ધરાવતા રોકાણકારોએ તપાસવું જોઈએ કે ટોટલ માર્કેટ ફંડ તેમના પોર્ટફોલિયોમાં વધારાનું

**વેલ્થ ક્રિએશન**

વૈવિધ્યકરણ લાવે છે કે નહીં. તેમણે પોતાના હાલના પોર્ટફોલિયો સાથેના ઓવરલેપની તપાસ કરવી જોઈએ. 50-60 ટકાથી વધુ ઓવરલેપ મર્યાદિત ડાઈવર્સિફિકેશન દર્શાવે છે. કોઈપણ ઈન્ડેક્સ ફંડ પસંદ કરતા પહેલા, તેનો એક્સપેન્સ રેશિયો ટ્રેકિંગ એરર, એસેટ્સ અંડર મેનેજમેન્ટ અને મૂળ ઈન્ડેક્સની પદ્ધતિ તપાસવી જરૂરી છે. એક્સપેન્સ રેશિયો પર ખાસ નજર રાખવી. નિફ્ટી 50 ની સરખામણીમાં, આ સેગમેન્ટમાં ફંડ હાઉસો વચ્ચે પૂરતી સ્પર્ધા નથી, જેથી ભવિષ્યમાં એક્સપેન્સ રેશિયો નહીં વધે તેની કોઈ ગેરંટી નથી. ઈટીએફ રોકાણકારોએ વધારાની ચકાસણી કરવી જરૂરી છે.

# એક દિવસના બાઉન્સબેકથી લાવ લાવ કરવું નહીં, હજુ પણ ભારતીય બજારને વૈશ્વિક સંકેતો ઘમરોળશે

વિતેલા સપ્તાહમાં ભારતીય શેરબજારમાં છેલ્લા દિવસે જબરજસ્ત બાઉન્સ બેક જોવાયું હતું. આમ, શેરબજારમાં ઘટાડો અટક્યો હતો, જેથી ટેકનીકલ દ્રષ્ટિએ જોઇએ તો સપોર્ટ લેવલને કુદાવી હતી, જેથી ફરીથી તેજીના દોર શરૂ થઇ શકે તેવી સંભાવના દેખાઇ રહી છે. પરંતુ હજુય ઇરાન-અમેરિકા વચ્ચેનો તણાવ ચાલુ જ છે અને હોર્મુઝ સંદર્ભમાં કોઇ ઉકેલ આવ્યો નથી, ત્યારે તેજીનો દોર આગળ વધે તેની સંભાવના ઘટી જાય છે. વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ શાંત નહીં થાય ત્યાં સુધી એકધાર્યો સુધારો થવો શક્ય દેખાતો

**માર્કેટ વોચ**

નથી, એટલે આ એક દિવસના બાઉન્સબેક ઉપર રોકાણકારો લાવ લાવ ન કરે, હજુય બજારથી સાવચેત રહેવાની જરૂર છે.



એકબાજું ભારતીય અર્થતંત્ર સારી રીતે આગળ વધી રહ્યું છે અને જીડીપી પણ 7.8 ટકા થયો છે, જે વાર્ષિક ધોરણે 7 ટકાની ઉપર રહેવાનો અંદાજ મુકવામાં આવી રહ્યો છે, પણ અલ નીનો ઇફેક્ટ બજારને મોટી અસર કરી શકે છે. તેનાથી કંપનીઓની કમાણી પર અસર પડી શકે છે. ખાસ કરીને આવનારા દિવસોમાં ગ્રામીણ અર્થતંત્ર એક ચિંતાનો વિષય બની શકે છે. અમેરિકા ભારતને હચમચાવવા માટે અનેકવિધ પ્રયાસો કરી રહ્યું છે. ટેરિફ વોરથી શરૂઆત કરી હતી, જેમાં હવે રશિયા પાસેથી ભારત ક્રુડ ખરીદે તો વધારાનો ટેરિફ લગાવે, ત્યારે અમેરિકા ખુદ રશિયા પાસેથી ડિઝલ ખરીદશે. એટલું જ નહીં, આઇટી કંપનીઓને પણ દબાણમાં લાવવા માટે વિઝા નિયંત્રણના પ્રયાસો કરાઇ રહ્યા છે. અમેરિકા ભારતનું નાક દબાવવા માટેના સતત પ્રયાસ થઇ રહ્યા છે.

આ દરમ્યાન સ્ટારલિંક અને ટેસ્લાના માલિક ઇલોન મસ્કે નવું યુદ્ધ શરૂ કરી દીધું છે. તેને ટવીટ કરતા કહ્યું કે, ભારતનો સાચો બોસ કોણ છે, મુકેશ અંબાણી. ત્યારબાદ સતત ટવીટ કરીને મુકેશ અંબાણી સામે મોરચો ખોલી દીધો છે, કેમ કે તેની સીધી લડાઇ મુકેશ અંબાણીના જિયો સાથે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતે ટેલિકોમ સર્વિસીસ માટે લાયસન્સ આપી દીધું છે, પણ ભારતની શરતોનું પાલન કરવું પડશે. આ વિવાદનો મધપૂડો મુકેશ અંબાણી ઉપર પડ્યો છે. આ વિવાદનો મધપૂડો એવા સમયે આવ્યો છે કે જ્યારે મુકેશ અંબાણી જિયો પ્લેટફોર્મનો આઇપીઓ લાવી રહ્યા છે. આ આઇપીઓના સમયે મસ્ક સાથેનો વિવાદ શું આઇપીઓને અસર કરશે કે નહીં તે આવનારો સમય જ બતાવશે.

ભારતીય શેરબજાર અસ્તવ્યસ્ત ચાલી રહ્યું છે, રોકાણકારો ત્રસ્ત છે, પોર્ટફોલિયો લાલ નિશાનમાં છે, તેવા સમયે શેરબજાર સુધરે અને રોકાણકારોનો પોર્ટફોલિયો પોઝિટિવ થાય તેવી આશા જોવાઇ રહી છે, પણ દેશ મોંઘવારીની સમસ્યાથી પીડાઇ રહ્યું છે, ક્રુડ ઓઇલના ભાવ ઉંચા જઇ રહ્યા છે, તેથી પેટ્રોલ-ડિઝલના ભાવ વધવાની સંભાવના વધી ગઇ છે, રિઝર્વ બેન્ક દ્વારા પણ રેપો રેટમાં વધારો કરવાનું શરૂ કરી દીધું છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે, મોંઘવારીને કાબૂ કરવાનું આ છેલ્લું હથિયાર વાપર્યું છે, અને હજુય મોંઘવારી નિયંત્રણમાં નહીં આવે તો આવનારા સમયમાં વધુ વ્યાજ દર વધી શકે છે.

**જિયોના આઇપીઓ સમયે ઇલોન મસ્કની ટ્વિટ મુકેશ અંબાણીના આઇપીઓને અસર કરશે?**

વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારની સામે આર્થિક યુદ્ધ લડી રહ્યા હોય તેમ મોટા ભાગના વિદેશી રોકાણકારોની સતત વેચવાલી જોવા મળી રહી છે. પહેલાં ઉંચા વેલ્યુએશનના લીધે વિદેશી રોકાણકારો એક્ઝીટ કરતા હતા, પછી એઆઇ બબલની વાત આવી, પણ હવે વેલ્યુએશન પણ ઓકે થઇ ચુક્યા છે, ત્યારે પણ વિદેશી રોકાણકારો સતત બજારથી દુર થઇ રહ્યા છે, તે એવું દર્શાવી રહ્યું છે કે, અમેરિકા ચોતરફી લડાઇ લડવાના મુડમાં હોય. આ એક આર્થિક યુદ્ધ જ સમજી લેવું પડશે.

જોકે, સ્થાનિક રોકાણકારોની તાકાતથી બજારમાં મોટો કડાકો આવતો નથી. પણ સરકારે ઘરેલું રોકાણકારો માટે એસટીટી તથા લોંગટર્મ અને શોર્ટટર્મ કેપિટલ ગેઇન ટેક્સમાં રાહત આપીને બજારમાં રોકાણકારોનો જોશ વધારવાનો પ્રયાસ કરવો જોઇએ.

# આ તો શરૂઆત છે, હજુય ત્રણ વખત રેપો રેટનો ડોઝ આવી શકે

ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં વધારો અને આગામી બેઠકમાં વધુ એક ફેડ રેટમાં વધારો થવાની સંભાવનાની પાછળ ભારતીય રિઝર્વ બેન્ક વ્યાજ દરમાં વધારો કરશે તેવું અનુમાન કરવામાં આવી રહ્યું હતું, અને તે અનુમાન સાચું ઠર્યુ છે. કેમ કે છેલ્લા કેટલાક સમયથી દેશનો આર્થિક વૃદ્ધિદર ઉંચો રહ્યો છે, પણ તેની સાથે મોંઘવારી પણ વધતી જોવા મળી હતી, જેને ચિંતા વધારી હતી અને રિઝર્વ બેન્ક માટે વ્યાજ દર વધારો કરવો એ ફરજિયાત બની ગયો હતો. ભારતમાં પણ ઉંચી મોંઘવારી રહેશે તો ડિસેમ્બરની બેઠકમાં વધુ એક વ્યાજ દરમાં વધારાનો ઝટકો વાગી શકે છે.

આ દરમ્યાન મીડલ ઈસ્ટના તણાવના પગલે ક્રુડ ઓઈલના ઉંચા ભાવ ભારતના આયાતી બિલને વધારતું રહેશે અને તેની મોંઘવારી વધારશે, જેના પરિણામે વ્યાજ દર વધારવો પડી શકે છે. મોંઘવારી વધવાના કારણોમાં ક્રુડ ઓઈલના ઉંચા ભાવ જ નથી, પણ અલ નીનોની અસર મુખ્ય કારણ બની જશે. જેનાથી ગ્રામીણ અર્થતંત્ર પર મોટી અસર પડી શકે છે. જેની અસર લાંબી રહેશે. આરબીઆઈ જૂન સુધીમાં વધુ ત્રણ વખત વ્યાજ દરમાં વધારો કરશે તેવી સંભાવના છે. જોકે, ભારત લગભગ 7 ટકાના આર્થિક વિકાસ

**ઈકોનોમી ઈન્સાઈડર**

દરને પ્રાપ્ત કરવાનું ચાલુ રાખશે.

અલ નીનોને 2027 માટે ખતરો ગણાવતા, અલ નીનો, જેને ઘણા નાણાકીય બજારના સહભાગીઓએ હજી સુધી સંપૂર્ણ રીતે ધ્યાનમાં લીધું નથી, તે 2023ની તુલનામાં 2027 માટે ઘણું મોટું જોખમ છે.

અલ નીનોના સંદર્ભમાં ગોલ્ડમેન સાક્સના નિષ્ણાત સેનગુપ્તાએ જણાવ્યું કે ખરીફ પાક પર અલ નીનોની અસર ખૂબ ઓછી થશે. તે જ સમયે, તેમનું માનવું છે કે વર્તમાન ઈન્વેન્ટરી સ્તર નજીકના ભવિષ્યમાં ફુગાવાના દબાણને કાબૂમાં લેવામાં મદદ કરશે.

આમ, અલ નીનો એક જોખમ છે જેની અસર પછીથી વધુ દેખાશે.

**માત્ર ક્રુડ ઓઈલના ભાવ વધારો નહીં પણ અલ નીનો ફુગાવા માટેનું મુખ્ય કારણ બની શકે**

જળાશયોમાં પાણીનું સ્તર ઓછું થવાથી રવિ પાકને નુકસાન થઈ શકે છે. તદુપરાંત, 2027 સુધીમાં નીચા સ્ટોકનું સ્તર ફુગાવામાં વધુ વધારો કરી શકે છે. 2027માં અલ નીનોને કારણે આર્થિક વૃદ્ધિ પર પ્રતિકૂળ અસર પડી શકે છે અને ફુગાવો વધી શકે છે.



બીજી તરફ, મીડલ ઈસ્ટના તણાવમાં કોઈ પ્રકારનું સમાધાન દેખાઈ રહ્યું નથી, ત્યારે ક્રુડ ઓઈલના ભાવમાં સતત ઉછાળો આવી રહ્યો છે. જો ક્રુડ ઓઈલના ભાવ 100 ડોલર પ્રતિ બેરલની નીચે રહેશે તો ભારતને આર્થિક નુકશાન એક મર્યાદિત રહેશે, તેને સંભાળી શકાશે, પણ જો 100 ડોલરની ઉપર ક્રુડ ઓઈલના ભાવ રહેશે તો ભારતની આર્થિક વૃદ્ધિ અને તેની સાથે ફુગાવો મોટો અવરોધ બની રહેશે.

ઘણી બ્રોકરેજ કંપનીઓનું કહેવું છે કે ક્રુડ ઓઈલના ભાવ ડિસેમ્બર સુધી ઊંચા સ્તરે રહી શકે છે. આનું કારણ એ છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ છે. હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજો હુમલાથી ડરે છે. મેક્સિકોના અખાતમાં ઉત્પાદનમાં અવરોધ આવી રહ્યો છે. જેના કારણે સપ્લાય પર અસર પડી રહી છે.

રેપો રેટમાં વધારા અંગે ગોલ્ડમેન સાક્સના અર્થશાસ્ત્રીએ જણાવ્યું હતું કે આરબીઆઈ જુન મહિના સુધી હજુય ત્રણ વખત વ્યાજ દરમાં વધારો કરી શકે છે. આમ, આવનારા જુન મહિના સુધીમાં એક ટકા સુધી વ્યાજદર વધી શકે છે.

# નબળું ચોમાસુ : ડુંગળી રડાવશે કે પોષાય એવી કિંમતોમાં મળશે?

ચાલુ વર્ષે ચોમાસુ નબળું રહ્યું છે. મધ્ય પૂર્વના દેશોમાં યુદ્ધ સંઘર્ષને લીધે ફર્ટિલાઇઝર સંકટ પણ ઘેરું બન્યું છે.એવી સ્થિતિમાં નવી શિયાળુ સિઝનની ડુંગળી લોકોને રડાવશે કે પોષાય એવી કિંમતોમાં મળશે? એને લઈ ચર્ચા શરૂ થઈ છે.જોકે સરકારે દાવો કર્યો છે કે,"તાજી ખરીફ ડુંગળીની આવકમાં વેગ મળ્યો છે.



ખરીફ વાવેતરનો વિસ્તાર વધવા, પાકની સાનુકૂળ સ્થિતિ, મજબૂત બજાર આવક અને તાજી ખરીફ આવકની શરૂઆતને કારણે ડુંગળીની ઉપલબ્ધતાનો દ્રષ્ટિકોણ નોંધપાત્ર રીતે મજબૂત થયો છે. સુધરતી પુરવઠાની સ્થિતિ પહેલાથી જ મંડીઓ અને અગ્રણી વપરાશકર્તા બજારોમાં ડુંગળીના ભાવમાં વ્યાપક નરમાઈમાં પરિણમી રહી છે.

કર્ણાટક, આંધ્રપ્રદેશ અને રાજસ્થાન સહિતના અગ્રણી ઉત્પાદક રાજ્યોમાંથી તાજી ખરીફ ડુંગળીની આવક શરૂ થઈ ગઈ છે, જ્યારે સંગ્રહિત સ્ટોકમાંથી ઉપલબ્ધતા બજારની માંગ પૂરી કરવાનું ચાલુ રાખે છે. આ ઉત્પાદક પ્રદેશોમાંથી આવનારી અઠવાડિયાઓમાં આવકમાં વધુ વધારો થવાની ધારણા છે, જે આગામી તહેવારોની સિઝન દરમિયાન વપરાશકર્તા બજારોમાં એકંદર ઉપલબ્ધતામાં સુધારો જોખમ ઘટે.

મજબૂત બનતી પુરવઠાની પરિસ્થિતિ મંડી ભાવમાં પ્રતિસાદ આપી રહી છે. મુખ્ય ડુંગળી બજારોમાં આવક મજબૂત રહી છે, જેમાં મહારાષ્ટ્રમાં વેઇટેડ એવરેજ મંડી ભાવ 16 સપ્ટેમ્બરે ક્વિન્ટલ દીઠ આશરે રૂ.4,030 થી ઘટીને 3 ઓક્ટોબરે આશરે રૂ.3,475 થયો છે, જે લગભગ 13 ટકાનો ઘટાડો દર્શાવે છે. મંડી ભાવમાં સતત નરમાઈ સૂચવે છે કે બજારની આવકમાં વધારો સુધારેલી પુરવઠા સ્થિતિમાં પરિણમી રહ્યો છે.

રિટેલ બજારોમાં પણ નરમાઈનો ટ્રેન્ડ દેખાઈ રહ્યો છે. છેલ્લા બે અઠવાડિયામાં 126 શહેરોમાં રિટેલ ડુંગળીના ભાવમાં કિલો દીઠ 1-21 નો ઘટાડો નોંધાયો છે, જેમાં તમિલનાડુ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, ઓડિશા, આંધ્રપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળ સહિતના અગ્રણી વપરાશકર્તા રાજ્યોમાં નરમાઈ જોવા મળી છે. ભૌગોલિક રીતે પથરાયેલા બજારોમાં આ વ્યાપક ઘટાડો સૂચવે છે કે આ સુધારો માત્ર વ્યક્તિગત મંડીઓ કે પ્રદેશો પુરતો મર્યાદિત નથી પરંતુ સમગ્ર દેશમાં મજબૂત થતી ઉપલબ્ધતા દર્શાવે છે.

સરકાર બફર સ્ટોક છોડીને પણ વપરાશ કેન્દ્રોમાં પુરવઠો વધારી રહી છે. આજની તારીખે, સરકારે 123 શહેરોમાં 8 કાંદા એક્સપ્રેસ અને 467 ટ્રકો દ્વારા 2.0 લાખ ક્વિન્ટલથી વધુ ડુંગળીનો નિકાલ કર્યો છે અને વધારાની રેલ રેક તૈનાત કરવાનું આયોજન કરી રહી છે, જેથી વધુ વપરાશ ધરાવતા બજારો સુધી મોટી માત્રામાં ડુંગળી પહોંચાડી શકાય. તહેવારોની સિઝન પહેલા આ પ્રયાસોને વધુ મજબૂત કરવામાં આવી રહ્યા છે, જેમાં પુરવઠા વિતરણની ઝડપ અને કાર્યક્ષમતા સુધારવા માટે વધારાની રેલ હિલચાલનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

તાજી ખરીફ આવક, સંગ્રહિત સ્ટોકમાંથી ઉપલબ્ધતા અને વપરાશ કેન્દ્રો સુધી બફર ડુંગળીની સતત હિલચાલનું મિશ્રણ બજાર માટે પુરવઠાના બહુવિધ માર્ગો પૂરા પાડે છે. સરકાર આવક, સ્ટોક અને ભાવની હિલચાલ પર કડક દેખરેખ રાખી રહી છે અને જ્યાં પણ જરૂર પડે ત્યાં યોગ્ય વિતરણ અને પર્યાપ્ત ઉપલબ્ધતા સુગમ બનાવવા માટે યોગ્ય પગલાં લઈ રહી છે.

**તાજી ખરીફ ડુંગળીની આવકમાં વેગ મળ્યાના સરકારના દાવા વચ્ચે 8 કાંદા એક્સપ્રેસ અને 467 ટ્રકો સાથે 123 શહેરોમાં બફર સ્ટોકનું વેચાણ, સરકારે બફર ડુંગળીના કેલિબ્રેટેડ અને વ્યૂહાત્મક વેચાણનો વિસ્તાર કર્યો**

**બિઝનેસ વ્યૂ**

કરશે.

ખરીફ પાક માટે ઉત્પાદનનો દ્રષ્ટિકોણ પ્રોત્સાહક છે. ઓલ-ઈન્ડિયા ખરીફ ડુંગળીનું વાવેતર ગત વર્ષના પહેલાથી જ મજબૂત સ્તર કરતાં આશરે 5 ટકા વધુ હોવાનો અંદાજ છે, જેમાં મુખ્ય ઉત્પાદક પ્રદેશોમાં પાકની સ્થિતિ સાનુકૂળ રહી છે. લણણીના સમયગાળા દરમિયાન IMD દ્વારા વરસાદનો દ્રષ્ટિકોણ પણ પાકને ટેકો પૂરો પાડે છે, જેમાં આગામી અઠવાડિયાઓમાં મુખ્ય ખરીફ ડુંગળીના પ્રદેશોમાં અતિશય વરસાદની કોઈ આગાહી નથી, જેથી લણણી, સુકવણી અને ડુંગળીની હેરફેર સરળ બને અને ભેજ સંબંધિત પાકના નુકસાનનું

એકંદરે, ખરીફ વાવેતરનો મોટો વિસ્તાર, પાકની સાનુકૂળ સ્થિતિ, લણણી માટે સાનુકૂળ હવામાન, મજબૂત આવક અને મંડી તેમજ રિટેલ ભાવમાં વ્યાપક ઘટાડો આગામી અઠવાડિયાઓમાં ડુંગળીની અનુકૂળ ઉપલબ્ધતાના દ્રષ્ટિકોણ તરફ ઈશારો કરે છે. તાજી ખરીફ ડુંગળીના પુરવઠામાં વધુ વેગ આવવાની ધારણા છે અને તહેવારોની સિઝન અગાઉ સરકારી વિતરણના પ્રયાસો મજબૂત થઈ રહ્યા છે ત્યારે, પુરવઠાની સ્થિતિ સારી રીતે જળવાઈ રહેવાની અને ભાવમાં વધુ નરમાઈ આવવાની ધારણા છે.

## ખાંડના છૂટક ભાવમાં 15%નો ઘટાડો; મિલ-સ્તરના ભાવમાં આશરે 28%નો ઘટાડો



સરકારે તહેવારોની મોસમ દરમિયાન સંગ્રહખોરી રોકવા અને ગ્રાહકોને અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવા ખાંડના સ્ટોક હોલ્ડિંગના નિયમોમાં સુધારો કર્યો છે.

સરકારના દાવા મુજબ ખાંડના સરેરાશ છૂટક ભાવમાં ઓગસ્ટના તેના સર્વોચ્ચ સ્તરથી 15 ટકાનો ઘટાડો થયો છે અને લોઅર એક્સ-મિલ ભાવનો લાભ સપ્લાય ચેઈન દ્વારા આગળ વધતાં તેમાં વધુ ઘટાડો થવાની ધારણા છે. એક્સ-મિલ ખાંડના ભાવમાં આશરે 28 ટકાનો ઘટાડો થયો છે અને છેલ્લા ત્રણ અઠવાડિયાથી તે સ્થિર રહ્યા છે.આ ઘટાડો ખાંડની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને બજાર દ્વારા તેની વ્યવસ્થિત અવરજવરને સરળ બનાવવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા વિવિધ પગલાંની અસર દર્શાવે છે.

1 ઓક્ટોબરથી ખાંડની નવી સીઝન શરૂ થવાની સાથે, ભારત સરકારે તહેવારોની સીઝનમાં ગ્રાહકોને વાજબી ભાવે ખાંડની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટેના પગલાંને વધુ મજબૂત બનાવ્યા છે.

સરકારે 15 ઓક્ટોબર 2026 થી 30 નવેમ્બર 2026 સુધી, કોલકાતા અને તેના વિસ્તૃત મેટ્રોપોલિટન વિસ્તારો અને આસામ રાજ્ય સિવાય, ખાંડના વેપારીઓ માટે સ્ટોક રાખવાનો સમયગાળો ઘટાડીને 15 દિવસ કર્યો છે અને સ્ટોક હોલ્ડિંગની મર્યાદા 1,000 ક્વિન્ટલ નક્કી કરી છે.સ્ટોક મળ્યાની તારીખથી 15 દિવસથી વધુ સમયગાળા માટે ખાંડનો સ્ટોક રાખવો નહીં.દેશભરમાં કોઈપણ સમયે અને કોઈપણ સ્થળે 1,000 ક્વિન્ટલથી વધુ ખાંડનો સ્ટોક રાખવો નહીં.

પ્રદેશની વિશિષ્ટ બજાર જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, કોલકાતા અને તેના વિસ્તૃત મેટ્રોપોલિટન વિસ્તારો તથા આસામ રાજ્ય માટે સ્ટોક હોલ્ડિંગની મર્યાદા 2,000 ક્વિન્ટલ નક્કી કરવામાં આવી છે.

કોલકાતા ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાંથી ખાંડ મેળવે છે અને ઉત્તર-પૂર્વીય પ્રદેશ સહિત દેશના પૂર્વીય ભાગમાં તેનો પુરવઠો પૂરો પાડે છે. આસામ માટે ઉચ્ચ મર્યાદા ભૌગોલિક મર્યાદાઓ, પરિવહન લોજિસ્ટિક્સ અને ઉત્તર-પૂર્વીય પ્રદેશમાં ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને પૂરી પાડવામાં આવી છે.

સુધારેલા નિયમોનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે વિતરણ શ્રૃંખલામાં ખાંડનો અનાવશ્યક સંચય ન થાય અને સુગમ રીતે ખાંડની મિલોમાંથી વેપારીઓ દ્વારા પુરવઠો આગળ વધે અને આખરે અંતિમ ગ્રાહક સુધી પહોંચે. આ માપદંડનો મુખ્ય ઉદ્દેશ્ય સંગ્રહખોરી પર વધુ અંકુશ લાવવા, સટ્ટાકીય વેપારને અને વેપારીઓ દ્વારા ખાંડના સ્ટોકના સંગ્રહને રોકવાનો છે. ખાંડ રાખી શકાય તેટલા જથ્થા અને સમયગાળાને મર્યાદિત કરીને, સરકાર સપ્લાય ચેઈન દ્વારા ખાંડની વ્યવસ્થિત હેરફેરને સરળ બનાવવા અને ગ્રાહકોને વાજબી ભાવે તેની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માંગે છે. સરકારે પુનરોચ્ચાર કર્યો છે કે ખાંડની મિલો, ડીલરો, જથ્થાબંધ વેપારીઓ અને બજારના અન્ય સહભાગીઓ સપ્લાય ચેઈન દ્વારા ખાંડની સતત હેરફેર સુનિશ્ચિત કરે અને કૃત્રિમ સંગ્રહ અથવા સટ્ટાકીય સંગ્રહખોરીને રોકે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. જથ્થાબંધ અને છૂટક વેપારીઓને પણ એક્સ-મિલ ખાંડના ભાવમાં થયેલા નોંધપાત્ર ઘટાડાનો લાભ તાત્કાલિક ગ્રાહકો સુધી પહોંચાડવા વિનંતી કરવામાં આવી છે. ખાંડની મિલોને તેમના સંબંધિત વિસ્તારોમાં પ્રવર્તતી કૃષિ-આબોહવાની પરિસ્થિતિઓ અનુસાર પિલાણ કામગીરી શરૂ કરવા માટે અગાઉથી જ સલાહ આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર અમુક ખાંડ ઉત્પાદક પ્રદેશોમાં શેરડી પર અલ નીનો (El Nio) સ્થિતિ સાથે સંકળાયેલા અસમાન અને અપર્યાપ્ત વરસાદની અસર પર નજર રાખવાનું ચાલુ રાખશે અને સ્થાનિક ઉપલબ્ધતા, ગ્રાહક હિત અને શેરડીના ખેડૂતોના હિતો વચ્ચે સંતુલન જાળવવા માટે તમામ જરૂરી અને સમયસર પગલાં લેશે.સંબંધિત રાજ્ય સરકારોને પણ પ્રવર્તમાન ક્ષેત્રીય પરિસ્થિતિઓના આધારે પિલાણ કામગીરી અંગે યોગ્ય કાર્યવાહી કરવા સલાહ આપવામાં આવી છે.